# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-06-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## શાળા પ્રવેશોત્સવ

**રાજ્યભરમાં આજથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આરંભ થયો છે. કચ્છમાં આજે શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે માંડવી તાલુકામાં પદાધિકારીઓ અને અધિકારીઓની હાજરીમાં રંગેચંગે બાળકોને શાળા પ્રવેશ કરાવાયો હતો.**

**વાડા પ્રાથમિક શાળા, ભારાપર પ્રાથમિક શાળા, દુર્ગાપુર હાઇસ્કૂલ ખાતે ગૃહ વિભાગના ઉપસચિવ તિર્થકુમાર પટેલના અધ્યક્ષસ્થાને બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવવામાં આવ્યો હતો. બાળકોને મીઠું મોઢું કરાવીને વિવિધ ભેટ સોગાદ સાથે શાળામાં આવકાર અપાયો હતો. આ પ્રસંગે શ્રી પટેલે શિક્ષણને જીવન ઘડતરની ચાવી ગણાવીને કન્યાશિક્ષણ પર ભાર મુક્યો હતો. આ સાથે તેમણે દીકરીઓને ઉચ્ચ શિક્ષણ અપાવવા વાલીઓને અનુરોધ કર્યો હતો.**

**આ ઉપરાંત, વીઆરટીઆઇ પ્રાથમિક શાળા, નાગલપુર પ્રાથમિક શાળા તથા મોટી રાયણ હાઇસ્કૂલ ખાતે પણ શિક્ષણ વિભાગના અંકુરકુમાર ઉપાધ્યાયના અધ્યસ્થાને જ્યારે મદનપુરા પ્રાથમિક શાળા, પ્રેમ સુબોધ નવનીત કોડાય હાઇસ્કૂલ તેમજ તલવાણા હાઇસ્કૂલ ખાતે નાગરિક સંરક્ષણના સંયુક્ત સચિવ દિલીપકુમાર ઠાકરની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. મકડા પ્રાથમિક શાળા ખાતે જિલ્લા પંચાયત સદસ્ય કેશવજી રોશીયાએ બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો.**

**શાળા પ્રવેશોત્સવ દરમ્યાન મહાનુભાવોના હસ્તે બાળકોને શૈક્ષણિક કીટ આપીને પ્રોત્સાહિત કરાયા હતા. ઉપરાંત શાળા ખાતે હાજર એસએમસીના સભ્યો, આંગણવાડી કાર્યકરો તેમજ જે-તે ગામના અગ્રણીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી.**

---

## સાંસદ કચ્છ કાર્નિવલ

ભુજ શહેરના ઐતિહાસિક હમીરસર તળાવ પાસેના માર્ગ પર આવતીકાલે યોજાનારા સાંસદ કચ્છ કાર્નિવલ મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

કચ્છી નવા વર્ષ અષાઢી બીજની ઊજવણીને ભવ્ય બનાવવા માટે સાંસદ વિનોદ ચાવડા દ્વારા યોજાઈ રહેલા આ કાર્નિવલને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે પ્રારંભ કરાવાશે. ત્યારે આ જાહેર સમારોહને યાદગાર બનાવવા ભુજ નગર પાલિકાના સહયોગ સાથે ચાલતી સજાવટને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સુશોભિત હમીરસર કિનારે અત્યારથીજ લોકો આગોતરો નજારો માણી ઉત્સાહિત બન્યા છે. સાંસદ શ્રી ચાવડાએ આ અંગે આ મુજબ જણાવ્યું હતું.

(વિનોદ ચાવડા બાઇટ)

---

## એલપીજી ભરેલું ટેન્કર પલ્ટી ગયું

કંડલાથી એલપીજી ભરીને ગાંધીધામ તરફ જઈ રહેલા ટેન્કરના ચાલકે વાહન પરથી કાબુ ગુમાવતા તે રોડસાઈડમાં પલટી મારી ગયું હતું. જ્વલનશીલ પદાર્થ સાથેનું આ ટેન્કર પલટી મારતા પ્રશાસનમાં ચીંતા પ્રસરી હતી. જેના કારણે કંડલા પોર્ટનું અગ્નીશમન દળ સ્થળ પર દોડી ગયું હતું. સદભાગ્યે કોઇ મોટી ઘટના બનવા પામી નહતી અને ક્રેનની મદદથી ટેંકરને સુરક્ષીત રુપે સાઈડ કરાયા બાદ સ્થિતિ કાબુમાં આવી ગઈ હતી.

---

## ટ્રકમાં આગ

બીજી બાજુ, ભચાઉ તાલુકાના કડોલ રણમાં એક ટ્રકમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. રાત્રે દોઢ વાગ્યે ભચાઉ પોલીસ કંટ્રોલ રૂમને આ ઘટનાની જાણ થઈ હતી. તાત્કાલિક ભચાઉ નગરપાલિકાની ફાયર ટીમને પણ જાણ કરવામાં આવતા ટીમ તરત જ તે ઘટનાસ્થળે

**પહોંચી ગઈ હતી. ફાયર ટીમે સતત બે કલાકથી વધુ સમય સુધી મહેનત કરી આગ પર કાબૂ મેળવ્યો હતો. ટીમના પ્રયાસોથી ટ્રકનો પાછળનો ભાગ બચાવી લેવામાં સફળતા મળી હતી અને જાનહાનિ ટળી હતી. જોકે, ટ્રકની કેબિન આગમાં સંપૂર્ણપણે બળી ગઈ હતી.**

---------------------------------------------------------------------------------------

## સરકારી આયર્વેદ હોસ્પિટલ

**સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભુજ ખાતે સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ રાજકોટના સહયોગથી આવતીકાલે કુપોષણ નિવારણ, સુવર્ણપ્રાશન સંસ્કાર, સ્ત્રીરોગ અને મેદસ્વિતા માટે સારવાર સલાહ તથા વ્યંધત્વ નિવારણ કેમ્પનું આયોજન કરાયું છે.**

**કેમ્પમાં કુપોષિત, નબળા બાળકોને તથા લોહીની ઉણપ ધરાવતા બાળકોને શક્તિવર્ધક આયુર્વેદિક અને હોમિયોપેથી દવાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. સાથે સાથે કિશોરીઓ, ધાત્રીમાતા તથા વ્યંધત્વ નિવારણ માટે ખાસ પ્રકારની સમજણ તથા ઔષધ આપવામાં આવશે તેમજ મેદસ્વિતા માટે સારવાર સલાહ કેમ્પ અને યોગ કેમ્પ યોજવામાં આવશે. આ ઉપરાંત, જન્મથી ૧૨ વર્ષની ઉંમર સુધીના બાળકોના શારીરિક તથા માનસિક વિકાસ માટે "સુવર્ણપ્રાશનનાં ટીપા" પીવડાવવામાં આવશે તેમ વૈધ પંચકર્મ,સરકારી આયુર્વેદ હોસ્પિટલ દ્વારા જણાવવામાં આવ્યું છે.**

---------------------------------------------------------------------------------------

## અષાઢ માસ

**આજથી અષાઢ માસનો આરંભ થયો છે. આ માસ વર્ષા ઋતુના આરંભનો માસ ગણાય છે. આજથી અષાઢી નવરાત્રીની શરૂઆત થાય છે વર્ષમાં ચાર નવરાત્રી આવે છે. એમાં મહા અને અષાઢ ગુપ્ત નવરાત્રી કહેવાય છે. આજ માસના આરંભે કચ્છી અને જામનગરના હાલાર વિસ્તારના  હાલારી નવ વર્ષનો પ્રારંભ થાય છે.**

---------------------------------------------------------------------------------------